# નગરપાલિકાના કર્મચારીઓ સોમવારે માસ સીએલ પર

## પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે સોમવારે કોન્ટ્રાક્ટર અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિ દ્વારા શોષણ પ્રતિકાર સંમેલન પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

વિધાનસભા ચાલુ છે ત્યારે સોમવારે બે મોટા કાર્યક્રમોની જાહેરાત વિરોધ પ્રદર્શન અર્થે કરવામાં આવી છે. એક તરફ રાજ્યની તમામ નગરપાલિકાઓના કર્મચારીઓ તેમને ન્યાય મળે તે હેતુસર સોમવારે એક દિવસની માસ સી.એલ. ઉપર ઉતરશે. તે ઉપરાંત સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે કોન્ટ્રાક્ટર અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિના જેના હેઠળ શોષણ પ્રતિકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. બંને કાર્યક્રમો સરકાર સામે વિરોધ પ્રગટ કરવા યોજનાર છે.

અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યની તમામ નગરપાલિકાના કર્મચારીઓની માંગણીઓ અંગે રાજ્ય સરકારને વિનંતીઓ કરવા છતાં ન્યાય ન મળતાં સોમવારે એક દિવસ માટે માસ સીએલ પર ઉતરશે. તો બીજી તરફ નગરજનોને હેરાન કરવાનો કર્મચારીઓનો આશય ન હોવાથી તકલીફ બદલ ક્ષમા માંગતા મેસેજ પણ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા સોશ્યલ મીડીયા પર ફરતા કરવામાં આવ્યા છે.

તે ઉપરાંત આંગણવાડી કર્મચારી અને હેલ્પર બહેનોને નજીવો પગાર વધારો આપી તથા આશા વર્કરો, મધ્યાહન ભોજન સંચાલક બહેનોની ઉપેક્ષા સરકાર દ્વારા થઈ રહેલા મહિલાઓના અપમાન અને શોષણના વિરોધમાં કોન્ટ્રાક્ટર અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિના નેજા હેઠળ સોમવારે સવારે ૧૦ વાગ્યે સત્યાગ્રહ છાવણી ખાતે શોષણ પ્રતિકાર સંમેલન યોજાશે. જેમાં મહિલા કર્મચારીઓ માથે કાળી રીબીન બાંધીને વિરોધ પ્રગટ કરશે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અને... નાના ઉદ્યોગ માટે સરકાર ખાસ પેકેજ બહાર પાડશે... મોટા ઉદ્યોગ માટે તો આખી સરકાર જ છે...

# ગરમી ઓન થઈ તો ઠંડી ગાયબ થઈ

## પંખા, એ.સી. ઓન થયા; વાઈરલ ફિવરના દર્દીઓ પણ નોંધાયા; ખેડૂતો ઉનાળુ વાવેતર માટે સજ્જ

ગાંધીનગર, તા. ૨૪

શિવરાત્રિ પર્વની ઉજવણી સાથે જ ગરમીના આગમનની સાથે સાથે હવામાનમાં પણ બદલાવનો પ્રારંભ થઈ રહ્યો છે. આજે જ ગરમીનો પારો ૩૩ ડિગ્રીને અડી ગયો હતો તેમજ રાત્રિના તાપમાનમાં પણ ધીમી ગતિએ ફેરફારો શરૂ થયા છે. રાત્રિનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે.

ગરમીનું ધીમા પગલે આગમન થતાં જ દિવસના સમયે પંખા, એ.સી. ચાલુ કરવાનું શરૂ થઈ ગયું છે. આમ ગરમી આવતાં જ પંખા, એ.સી. ઓન થયા છે જ્યારે ઠંડી ગાયબ થઈ રહી છે. જો કે હજુ રાત્રિના તાપમાનમાં બદલાવ ધીમી ગતિએ આવી રહ્યો છે.

શિવ શિવ કરતી ઠંડી વિદાય થતી હોય છે તેવી લોકવાયકા પ્રચલિત છે. આજથી ખેડૂતો પણ ઉનાળુ સીઝનના કામમાં જોતરાશે તેમજ રવિઋતુના પાકની કાપણીની મોસમ પણ શરૂ થશે.

આજે દિવસ દરમ્યાન ગરમીનો પારો ૩૩ ડિગ્રી પર પહોંચતાં જ લોકોએ દિવસ દરમ્યાન ધીમી ગતિએ પંખા ઓન કરી દીધા હતા. બેવડી ઋતુનો અનુભવ થતાં વાઈરલ બિમારીઓએ પણ માથુ ઉંચક્યુ છે. શહેરની હોસ્પિટલોમાં વાઈરલ ફિવરના દર્દીઓ નોંધાઈ રહ્યા છે.

# શહેરમાં બે લાખનો ભોલેનાથનો પ્રસાદ નાગરીકોએ ગ્રહણ કર્યો

## શહેરમાં સાતથી વધુ જગ્યાઓ પર પ્રસાદ લેવા ભકતોની પડાપડી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં મહાશિવરાત્રીની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. શહેરના શિવાલયો સવારથી સાંજ સુધી હરહર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યા હતા. શહેરના શિવાલયોમાં ભકતો માટે ભાંગની પ્રસાદીની વ્યવસ્થા હતી. પરંતુ માત્ર પ્રસાદીથી સંતોષ વ્યકત ના કરતા ભકતોએ વધુ ભાંગની પ્રસાદી પીવા માટે રીતસરની દોટ લગાવી હતી. શહેરમાં સાત થી વધુ જગ્યાઓ પર મંદિરની બહાર પ્રસાદીના સ્ટોલ લાગ્યા હતા. જેમાં એક ગ્લાસના રૂ.૨૦ થી ૩૦ ના ભાવે પ્રસાદી ભકતોએ ગ્રહણ કરી હતી. નગરમાં એક અંદાજ મુજબ બે લાખથી વધુના રૂપીયાનો પ્રસાદ ભકતોએ ગ્રહણ ક્રયો છે.



ગાંધીનગર શહેરના મંદિરોમાં આજે શિવરાત્રીનો અનેરો માહોલ જોવા મળ્યો હતો. સવારથી જ મંદિરોમાં વિવિધ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શિવાલયોમાં ભકતોનો ભારે ધસારાને પગલે ભીડભાડ જોવા મળી હતી. જયારે શિવાલયોની બહાર પીકચરમાં બતાવાય છે તેમ પિત્તળની ગોરીમાં ભાંગ લઈને વેપારીઓ નજરે પડતા હતા. નગરમાં આવેલા મોટાભાગના શિવાલયોમાં ભકતો માટે પ્રસાદીની વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ ભાંગના રસિયા ભકતોને એટલાથી સંતોષ ના રહેતા શિવાલયો બહાર ઉભેલા વેપારીઓ પાસેથી રૂપીયા આપીને પ્રસાદ ગ્રહણ ક્રયો હતો. જયારે વેપારીઓએ પણ માત્ર રૂપીયા કમાવા માટે પ્રસાદના નામે વેપાર કર્યો હતો. શહેરમાં પંચદેવ મંદિર સામે ચ માર્ગ પર, વૈજનાથ મહાદેવ મંદિર બહારની સાઈડ, જિલ્લા પંચાયત પાસે, તેમજ હોસ્પિટલ સંકુલ સહિત ન્યું ગાંધીનગરમાં વેપારીઓએ શિવજીના પ્રસાદનો વેપાર કર્યો હતો. શહેરમાં વેચાણ થયેલ પ્રસાદના એક અંદાજ મુજબ શિવભકતો અંદાજીત બે લાખનો પ્રસાદ ગ્રહણ કરી ગયા હતા. જયારે આ ભકતોમાં યુવાવર્ગ સૌથી વિશેષ જોવા મળ્યા હતા. જયારે કેટલાક પ્રસાદ પુરો થઈ જતા ભકતોએ રીતસરની દોટ મુકી હતી. શિવાલય બહાર પણ પ્રસાદ માટે ભકતોની ભારે ભીડ જોવા મળી હતી.

# રેલવે અને બસના રૂટમાં પાટનગરનુ જયપુર સાથે જોડાણ, વોલ્વોની સવારી પણ મળશે

## સવારે રાજકોટ તેમજ રાત્રિના ૮ કલાકે જયપુર રૂટ માટે વોલ્વો વાયા ગાંધીનગર દોડશે

ગાંધીનગર તા ૨૪

પાટનગર હવે રેલવે સેવા સાથે બસ સેવાથી પણ જયપુર સાથે જોડાયુ છે. ગાંધીનગર ડેપોમાંથી વાયા બે બસો દોડાવામાં આવી રહી છે. રાત્રિના જયપુર અને સવારે રાજકોટ રૂટની વોલ્વોની સવારી નગરજનોને ઘરઆંગણેથી જ મળી રહેશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં બહારના રૂટની બસ સેવાને વધુ અસરકારક બનાવવા માટે વારંવાર માંગ ઉઠવા પામે છે. શહેરી બસ સેવા ઉપરાંત આસપાસના ગામો તેમજ અન્ય શહેરને જોડતી બસ સેવા માટે હજુ પણ નવા રૂટો શરૂ થાય અલબત્ત અન્ય બસોને વાયા ગાંધીનગર કરવામાં આવે તેવી માંગણી પણ વખતો વખત કરવામાં આવતી હોય છે. જયારે હાલ ડેપો કક્ષાએથી મુસાફરોને હવે જયપુર અને રાજકોટની વાલ્વાની સવારી મળે તેવુ આયોજન પણ કરાયુ છે. રાત્રિના ૮ વાગે જયપુર રૂટ માટેની વોલ્વો મુસાફરીનો લાભ પણ સ્થાનિક નાગરિકોને મળશે. જયારે સવારે ૮ વાગે રાજકોટની પણ વોલ્વો બસ મળશે. મુસાફરોને આ રૂટની બસ સેવાનો લાભ મળે તે માટે એસ ટી નિગમ દ્વારા આ વોલ્વો બસ વાયા ગાંધીનગર ડેપોથી દોડાવાનો નિર્ણય લેવાયો છે. જયારે હાલ આ બસ સેવા શરૂ પણ કરી દેવાઈ છે. જેના પરિણામે પાટનગર હવે રેલ્વ તેમજ બસના રૂટમાં જયપુર સાથે જોડાયુ છે.

# હું ઝુંડાલ કેનાલમાં પડુ છુ, મારૂ બાઈક લઈ લેજો..!

## કોલવડાના લાપત્તા કોન્ટ્રાકટર સસરાએ જમાઈને ફોન કરીને આપઘાત અંગે જાણ કરી ત્રણ દિવસથી કેનાલમાં શોધખોળ જારી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં રહેતા આધેડ કોન્ટ્રાક્ટર ૧૯ ફેબ્રુઆરીથી લાપત્તા છે. ત્રણ દિવસ પહેલા તેમણે જમાઈને ફોન કર્યો કે હું ઝુંડાલ કેનાલમાં પડું છુ, મારૂ બાઈક લઈ લેજો..! જમાઈએ પોલીસને જાણ કરતા ઝુંડાલ તપાસ કરતાં બહારથી બાઈક, હેલ્મેટ અને મોબાઈલ મળી આવ્યો હતો. પોલીસ અને ફાયરબ્રિગેડ છેલ્લા ત્રણ દિવસથી કેનાલમાં તેની શોધખોળ કરી રહ્યા છે જો કે હજુ સુધી તેની ભાળ મળી નથી.

કોલવડા ગામમાં રહેતા અને કોન્ટ્રાક્ટરનો વ્યવસાય કરતાં ૪૨ વર્ષિય વિષ્ણુભાઈ પ્રજાપતી ૧૯ ફેબ્રુઆરીએ પોતાના ઘરેથી લાકરોડા જવા નીકળ્યા હતા. પરંતુ લાકરોડા પહોંચ્યા ન હતા. તેમની શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન ત્રણેક દિવસ પહેલા વિષ્ણુભાઈએ તેમના જમાઈને ફોન કર્યો હતો કે 'હું ઝુંડાલ કેનાલમાં પડુ છુ, મારૂ બાઈક લઈ લેજો' આ ફોન અંગે પેથાપુર પોલીસને જમાઈએ વાત કરતા પોલીસ ઝુંડાલ કેનાલ પાસે પહોંચી ગઈ હતી. તપાસ કરતા કેનાલ બહારથી મોબાઈલ, બાઈક અને હેલ્મેટ મળી આવ્યુ હતુ. જો કે વિષ્ણુભાઈની ભાળ મળી ન હતી. ત્રણ દિવસથી કેનાલના પાણીમાં તેમની શોધખોળ ચાલી રહી છે. જો કે હજુ સુધી તેમના સગડ મળ્યા ન હોવાનું જાણવા મળ્યુ છે.

# અડાલજ ત્રિ-મંદિર સામે અદ્યતન બસ સ્ટેન્ડ ઉભુ કરવા લોકમાંગ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના નાગરીકોને ઉત્તર ગુજરાત અને રાજસ્થાન તરફ જવા માટે અડાલજ ત્રિ-મંદિરની સામે ફરજીયાત જવું પડે છે. ત્યારે ત્રિ-મંદિર પાસે અમદાવાદ રાણીપ વિસ્તારમાં આવેલ ડી-માર્ટ જેવુ જરૂરીયાતપૂર્ણ સુવિધાવાળુ બસસ્ટેન્ડ બનાવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

અમદાવાદ રાણીપ ખાતે તાજેતરમાં અદ્યતન સુવિધાસભર બસ સ્ટેન્ડ તૈયાર કરાયું છે. આ બસ સ્ટેશન સમગ્ર ગુજરાતમાં આવેલ બસ સ્ટેશનમાં નમૂનારૂપ છે. જેમાં મુસાફરોને ઉપયોગી સુવિધાનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર કેપીટલ હોવા છતાં શહેરમાં આવુ બસ સ્ટેશન ઉભુ કરવામાં આવ્યું નથી. ગાંધીનગરથી ઉત્તર ગુજરાત અને રાજસ્થાન તરફ જવા માટે અડાલજ જવુ અનિવાર્ય બની રહે છે. ત્યારે ત્રિમંદિરની સામે અમદાવાદ રાણીપ ખાતે બસસ્ટેન્ડ છે તેવુ બનાવવા શહેરના જાગૃત નાગરીક એસ.એન. યાદવે તંત્રને રજુઆત કરી છે. જેમાં મોબાઈલ ચાર્જીંગ, બેલેન્સની સુવિધા, કોમ્પ્યુટર જોબવર્ક સુવિધા, ઈમેલ જીમેલ, સાયબર સુવિધાઓ સાથે ફૂડ સ્ટોલ, પુસ્તકો અને મેગેઝીનના સ્ટોલ પણ હોવા જોઈએ. જયારે મુસાફરને સામાન્ય ઈજા પહોંચે ત્યારે ફર્સ્ટ એઈડ કીટ પણ બસ સ્ટેન્ડમાં હોવી જોઈએ. બેંકીંગ એટીએમ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્વચ્છ શૌચાલય, સહિતની સુવિધાવાળુ બસ સ્ટેશન અડાલજ ખાતે બનાવાવમાં આવે તેવી માંગ તંત્ર સમક્ષ કરવામાં આવી છે.



મહાઆરતી : મહાશિવરાત્રીના પાવન પર્વે સિંધુ ભવન ઝૂલેલાલ મંદિરે ભગવાન શિવજીની મહાઆરતી યોજાઈ હતી. આ પ્રસંગે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા પૂ. રવિશંકર મહારાજને પુષ્પાંજલિ અર્પણ

ગાંધીનગર, તા. ૨૪

મહાશિવરાત્રીના દિવસે તા. ૨૫-૨-૧૮૮૪ના રોજ ખેડા જિલ્લાના સરસવાણી ગામે જન્મેલા પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા છે.

આજરોજ શિવરાત્રીના દિવસે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં અરૂણ બુચ, લતાબેન ચોકસી, દવે, સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ ભાનુભાઈ દવે, કુડાસણ વિસ્તારના પ્રદિપ સોલંકી તથા એસ.બી.આઈ.ના અધિકારીઓ તથા સ્ટાફ ટ્રેઈનીંગ



ગાંધીનગરના ઘ-પાંચ સ્થિત સર્કલમાં ૨૦૦૫થી શહેર વસાહત મહામંડળ નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, સેવાભાવિ સંસ્થાઓ સાથે મળી જન્મ દિન પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરી હર્ષાબેન જીલુભા ધાધલ, નગરસેવક, બી.એ. શુકલ, સીતારામ પટેલ, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ તથા જાગૃત પરિષદના જ્યોતિન્દ્ર દવે, સાહિત્યસભાના ભરત કવી, રવિન્દ્ર કોલેજના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિવર્ષ શિવરાત્રીના પવિત્ર દિવસે મહારાજને પુષ્પાંજલિ અર્પણ કરી શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી.

# સરકારી કર્મચારી રાજ્ય બહાર પણ દારૂ ન પી શકે તેવા નિયમ બનાવો

બિહારના મુખ્યમંત્રીશ્રી નિતિશભાઈ પટેલ દ્વારા બિહારમાં સંપૂર્ણ દારૂબંધી અમલી બનાવેલ છે તે મુજબ બિહારના સરકારી સેવક માદક પીણાં તેમજ દારૂ બિહાર બહાર પણ પી શકે નહિ તેવો કાયદો બનાવેલ છે. શિસ્ત અને અપીલના નિયમ મુજબ દારૂ પીવા પર પ્રતિબંધ લગાવેલ છે. જેથી આ ગુના બદલ સરકારી નોકરી પણ ગુમાવી શકે છે. ગુજરાતમાં દાયકાઓથી દારૂબંધી અમલમાં છે પરંતુ આ પ્રકારના નિયમો બનાવેલ નથી. જેથી બિહાર પેટર્ન મુજબ દારૂબંધીના નિયમો બનાવવા જોઈએ તેવી નશામુકિત અભિયાન પ્રણેતા શ્રી ગુલાબચંદ પટેલે માગણી તથા રજુઆત કરેલ છે.

# એસટીપી વર્ગના બાળકોને બુંદીના લાડુ-ચવાણાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

ધોળાકુવાના રક્ષાશક્તિ સર્કલ પાસે એસટીપી વર્ગમાં અભ્યાસ કરતા ગરીબ જરૂરિયાતમંદ પરિવારના બાળકોને એડવોકેટ જિતેન્દ્રભાઈ પરીખ તથા તેમના પુત્રવધુ દ્વારા બુંદીના લાડુ-ચવાણાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

જિતેન્દ્રભાઈ પરીખે તેમના સ્વર્ગસ્થ પિતા સ્વ. અરવિંદભાઈ પરીખની પ્રથમ માસિક પૂણ્યતિથી નિમિત્તે આ બાળકોને નાસ્તાનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ૩૦ જેટલા બાળકો અને આશરે ૫૦ જેટલા વાલીઓ પણ જોડાયા હતા. આ પ્રસંગે એસટીપી વર્ગ ચલાવી રહેલા બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારે ઓમકારના જાપ સાથે બે મિનિટનું મૌન પળાવી સ્વર્ગસ્થના આત્માની સદ્ગતિ માટે પ્રાર્થના કરાવી હતી. આ સાથે તેમણે દાતાઓનો આભાર માન્યો હતો.

## જ્યોતિષ દ્રષ્ટિકોણથી સૂર્યગ્રહણનો પ્રભાવ રહેશે

# વર્ષ ૨૦૧૭નું ૨૬મીએ પ્રથમ સૂર્યગ્રહણ દેખાશે

## કુંભ રાશિમાં ઘટિત થનાર ગ્રહણની અસર નોકરી કરનાર વર્ગ, મીડિયા કર્મીઓ, રાજનેતાઓ માટે સંકટનું સૂચન

ગાંધીનગર, તા. ૨૪

સૂર્યગ્રહણના દિવસે વૈજ્ઞાનિકો પણ ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહ્યા છે. અભ્યાસને લઈને સંબંધિત વૈજ્ઞાનિકો તૈયાર થઈ ચુક્યા છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે વર્ષ ૨૦૧૭નું પ્રથમ સૂર્યગ્રહણ જોવા મળનાર છે.

ભારતના સમય અનુસાર રવિવાર અને ૨૬ તારીખે સાંજે ૫.૪૦ કલાકે સુર્યગ્રહણ શરૂ થશે, જે રાત્રે ૧૦.૦૧ કલાક સુધી રહેશે. આ ગ્રહણ ભારતમાં દ્રશ્ય નથી પરંતુ જ્યોતિષ દ્રષ્ટિકોણથી તેનું પ્રભાવ વિશ્વભર પર પડશે. કુંભ રાશિમાં ઘટિત થનાર ગ્રહણની અસર નોકરી કરનાર વર્ગ, મીડિયા કર્મીઓ, રાજનેતાઓ માટે સંકટનું સુચન કરે છે. આ ગ્રહણના પ્રભાવ સોના ચાંદીના ભાવ પર પણ દેખાશે.

સૂર્યગ્રહણ એક ખગોળિય ઘટના છે જે સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની વિશેષ સ્થિતિને કારણે બને છે. જ્યારે ચંદ્ર, સુર્ય અને પૃથ્વી વચ્ચે આવે છે ત્યારે સૂર્ય થોડીવાર માટે અદ્રશ્ય થઈ જાય છે. આ સ્થિતિને સુર્ય ગ્રહણ કહે છે. તેમાં ચંદ્ર, સુર્ય અને પૃથ્વી ક લાઈનમાં હોય છે. જેમાં સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર હોવાથી ચંદ્રની છાયા પૃથ્વી પર પડે છે. સુર્યગ્રહણ અમાસની તિથિ પર જ થાય છે. પૂર્ણ ગ્રહણના સમયે પૃથ્વી પર પડતો સૂર્યનો પ્રકાશ પૂર્ણત અવરુદ્ધ થઈ જાય છે. ગ્રહણને ધાર્મિક દ્રષ્ટિએ અશુભ માનવામાં આવે છે. પરંતુ જ્યોતિષ શાસ્ત્રમાં આ ઘટનાને મહત્વની માનવામાં આવે છે. કારણ કે તેની અસર માનવજીવન અને દરેક રાશિ પર પણ પડે છે. આવુ જ સુર્યગ્રહણ આગામી ૨૬ ફેબ્રુઆરીના રોજ થશે. વર્ષ ૨૦૧૭નું આ પ્રથમ સુર્યગ્રહણ હશે.

# બીઆરપીએ એસટીપી વર્ગની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૪

ધોળાકૂવાના રક્ષાશક્તિ સર્કલ પાસે ટેન્ટમાં ચાલી રહેલા એસટીપી વર્ગની બીઆરપી રોહિતભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ સમયે બાળકોએ રંગપૂરણી સહિત ચિત્રકામ કર્યુ હતુ અને સુંદર ચિત્રો દોર્યા હતા. રોહિતભાઈએ બાળકોને નિયમિત નાસ્તો મળે છે કે કેમ, તમામ ના આધારકાર્ડ છે કે નહી વગેરે કામગીરીની જાણકારી મેળવી એસટીપી વર્ગ ચલાવતા બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારની કામગીરીની ચકાસણી કરી હતી.

જેમાં તેમને તમામ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરાયેલ જાણવા મળી હતી. બાલમિત્ર દ્વારા બાળકોને મહેનતથી શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે તથા શૈક્ષણિક મટિરિયલ્સ પણ પુરૂ પડાય છે તે અંગે માહિતગાર થયા હતા. આ મુલાકાતથી તેમણે એસટીપી વર્ગની કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ડેમોક્રેટિક પીપલ્સ એસો.ની કારોબારી બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૨૪

ડેમોક્રિટેક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી શ્રી ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળેલ હતી. જેમાં સંસ્થાએ કરેલ કાર્યવાહી અને તે અંગે થયેલ પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. મોજે. ઉગાલા જિ. સોમનાથના દલિત કુટુંબ પર થયેલા અત્યાચાર અંગે ગુજરાત રાજય માનવહક્ક આયોગે કરેલ કાર્યવાહીની માહિતી આપી હતી. ધોળકા તાલુકામાં દલિતો પર આચરેલ અત્યાચાર સંબંધી માનવહક્ક આયોગે પોલીસ પાસે લીધેલ પગલાંની માહિતી માંગેલ છે તે વિષે માહિતી આપી હતી. ઈન્ડીયન આર્મ ફોર્સના ગેલેન્ટરી એવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રી દિનેશભાઈ રાઠોડની હત્યા અંગેની રાજયપાલશ્રીના સેક્રેટરી સાથે મુલાકાત અંગે જાણકારી આપી હતી.

મહેસાણા જિલ્લાના રાંતેજ ગામે દલિતોનો બહિષ્કાર અંગે ચર્ચા કરવામાં આવી હતી. રેનબસેરા બનાવવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. શ્રી જયેશભાઈ પરમારે શ્રી ખુશાલભાઈ પરમારનો આભાર માનેલ હતો. સંચાલન મહામંત્રીશ્રી વિરચંદભાઈ પરમારે કર્યુ હતું.

# બાયોટેકનોલોજીના ક્ષેત્રને વધુ વિકસિત કરવા તૈયારી

વાયબ્રન્ટ સમિટમાં ૫૬થી વધુ એમઓયુ કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકાર બાયોટેકનોલોજી ક્ષેત્રને વધુ વિકસિત કરવા માટે કમર કસી ચુકી છે. આના ભાગરૂપે આગામી સમયમાં બાયોટેકનોલોજી પાર્ક, યુનીટસ, ઈન્કયુબેટર્સ, સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહનો આપવા માટે બાયોટેકનોલોજી પોલીસીની જાહેરાત કરવામાં આવેલ છે. આ પોલીસીના કારણે યોજાયેલ વાઈબ્રન્ટ સમીટમાં ૫૬ એમઓયુ કરવામાં આવેલ છે. પોલીસીના લાભાર્થીઓને બાયોટેકનોલોજી ક્ષેત્રે રહેલી વૈશ્વિક, તકો, પડકારો, અને પોલીસી મારફત ઉપલબ્ધ પ્રોત્સાહનો વગેરે બાબતોથી વાકેફ કરવાનો છે.